November 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 12 ● Issue 1 / 130
● Mumbai ● Page 16 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

શ્રી પાટણ જૈન મંડળ – પ્રોગ્રામ સમિતિ દ્વારા **નૂતનવર્ષ સ્નેહમિલનનું ગરવારે કલબ,** મુંબઈ ખાતે સુંદર આયોજન થયું હતું. શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલડ્રગ હાઉસ) પરિવારના શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ પરિવારનો આ સમ્મેલનમાં તન-મન અને ધનથી સંપૂર્ણ સહકાર મળતો રહ્યો છે. તેથીજ વર્ષોથી ચાલી આવેલ આ પરંપરા વિવિધતાથી પાંગરતી રહી છે. પાટણના પરિવારો આ આયોજનમાં ઉલ્લાસપૂર્વક જોડાય છે, તેથી આ પ્રસંગ અનોખી રીતે દીપી ઉઠે છે.

શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ દ્વારા મરીનડ્રાઈવ ખાતે પહેલીજવાર **અંજનશલાકાના કાર્યક્રમનું ભકિતભાવપૂર્વક સફળ આયોજન** થયું હતું. મરીનડ્રાઈવ સંઘનો ઉત્સાહ અભૂતપૂર્વ રહ્યો. આ પ્રસંગે યક્ષરાજ માણીભદ્રવીર તથા પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા પણ કરવામાં આવી. આરાધક ટ્રસ્ટના ટ્રસ્ટીગણ, તેમજ કાર્યકરોએ આ બાબતે લીધેલ પરિશ્રમ બદલ હું સર્વેને અભિનંદન આપું છું.

છેલ્લાં કેટલાંક સમયથી ઘણા મુમુક્ષુઓ સંયમ માર્ગે જઈ રહ્યા છે. તેની ખૂબ ખૂબ અનુમોદના. પાટણ, મલ્લાતના પાડાના **શ્રી નવિનચંદ્ર અને સુમિત્રાબેનના પુત્ર શ્રી શ્રેણીકભાઈ, પુત્રવધુ શ્રીમતી હીનાબેન તથા પૌત્રી અનોખી (૧૪ વર્ષ) મહા વદ ૧૧, ફેબ્રુઆરીની ૧૧ મી તારીખે પાટણ મુકામે દીક્ષા લઈ રહ્યા છે.** આ અગાઉ શ્રેણીકભાઈ અને હીનાબેનના બે સંતાનો **કું. નિયતી અને ચિ. રીકેનકુમારે દીક્ષા** લીધેલ છે, આમ શ્રેણીકભાઈ સહીત આખું કુટુંબ દીક્ષા લઈ ધાર્મિક ક્ષેત્રે ઉત્તમ દ્રષ્ટાંત પુરુ પાડી રહ્યા છે. આ સર્વે પુણ્યાત્માઓની ભૂરી ભૂરી અનુમોદના.

મંડળની સ્પોર્ટ સમિતિના યુવાન સભ્યોએ સમય સાથે સ્પોટર્સ ઈવેન્ટમાં બદલાવ કરીને આકર્ષક રીતે સમાજના સૌને ક્રિકેટ ટુર્નામેન્ટના માધ્યમથી રમત-ગમતની પ્રવૃત્તિમાં ઓતપ્રોત કર્યા છે. તા. ૧૯-૧૧-૨૦૧૭ના હિન્દી વિદ્યાભવનમાં આવખતની **૬ ટીમના ઓનર્સ દ્વારા ટીમના સભ્યોનો Auction કાર્યક્રમ તેમજ ટ્રોફીની વિધીવત ઉદઘાટનવિધી ધ્યાનાકર્ષક હતી.** સ્પોટર્સ કમિટીના સભ્યો, કાર્યકરો તેમજ આ પ્રવૃત્તિમાં આર્થિક સહયોગ આપનાર ટીમ ઓનર્સ તેમજ સ્પોન્સરર સૌનો હું આભાર માનું છું.

❑ દિનેશ શાંતિલાલ શાહ

## *From President's Desk...*

Shree Patan Jain Mandal had organised a wonderful **New Year get-together at Garware Club,** Mumbai. Shri Sunilbhai Gunvantlal Shah of Sponsors Shri Manilal Lalluchand Shah family has whole heartedly and enthusiastically participated to see to increasing entertainment along with the get-together. This has resulted in greater participation of our Samaj. We thank all for the huge brotherhood that this programme has resulted in.

Marine Drive Aradhak Trust has successfully organised the **Anjan Shalaka Mahostav** with a lot of enthusiasm. All members of the Sangh have participated for this event with Bhaktibhav. The young volunteers dedicatedly worked for this event and made it a great success. Pratistha of Yakshraj Masnibhadraveer and Padmavati Devi was also performed. I am sincerely grateful to trustees of the Aradhak Trust and the volunteers for their whole-hearted efforts.

Since a long time, many moomuksku have opted for Sanyam marg and taken Diksha. **Shri Navinbhai & Smt. Sunitaben's Son Shrenikbhai & daughter-in-law Smt. Hinaben and Grand Daughter Anokhi (Age 14 years) of Patan Mallatna Pada are taking diksha on February 11$^{th}$ 2018.** Prior to this two of Shrenikbhai's and Hinabens's Children **Kum. Niyati and Son Rikenkumar have taken Diksha,** hence the entire family has opted for the Sanyam marg. Bhuri Bhuri Anumodna...!

The youth members of our Samaj have taken keen interest and made **the Cricket Tournament into and event on 19-11-2017, 6 team owners have bid for their players during the auction held at Hindi Vidhya Bhavan,** I am grateful to the sponsors and owners of the 6 teams and members of the sports committee.

❑ **Dinesh Shantilal Shah**

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન સમારંભ અહેવાલ




કલાકાર શ્રી ભાગ્યેશભાઈ વોરા સાથે પ્રોગ્રામ સમિતિના હોદ્દેદારો



ઉપસ્થિત જનસમુદાય

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા **શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ)** પ્રેરિત નૂતનવર્ષ સ્નેહ સંમેલનનું રવિવાર, તા. ૨૯-૧૦-૨૦૧૭ના સાંજે ગરવારે ક્લબમાં આયોજન કરવામાં આવ્યું હતું. સ્નેહ સંમેલનમાં સ્વાદિષ્ટ વાનગીઓ સાથે ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. આપણા સમાજના સભ્યો બપોરે ૪ વાગ્યાથી ગરવારે ક્લબમાં આવવા શરૂ થયેલ જે પ્રવાહ કાર્યક્રમની સમાપ્તી સુધી ચાલુ રહ્યો હતો. આશરે ૮૦૦ ભાઈ-બહેનોની ઉપસ્થિત રહેલ.

પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.

સ્નેહ સંમેલનના દાતા **શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહનું** મંડળના પ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** તથા હાસ્યકલાકાર **શ્રી ભાગ્યેશ વોરાનું** ઉપપ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહના** વરદ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર (અતુલ ડ્રગ હાઉસ) તરફથી કાર્યક્રમમાં હરહંમેશ સહકાર મળતો રહે છે તે બદલ શ્રી પાટણ જૈન મંડળવતી દાતા પરિવારનો ખૂબ ખૂબ આભાર માન્યો.

મંડળના ઉપપ્રમુખો શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહે પોતાના વકતવ્યમાં જણાવેલ કે, સમાજના દાતાઓ તરફથી અવિરત દાન ગંગાનો પ્રવાહ સંસ્થા તરફ વહી રહ્યો છે. તેની સરાહના કરી સર્વ દાતા પરિવારો પ્રત્યે આભારભાવ વ્યકત કર્યો હતો. સાથોસાથ પ્રોગ્રામ સમિતિના પ્રત્યેક આયોજનોમાં આપ સર્વે ઉપસ્થિત રહી તેને સફળતા અપાવેલ છે તે બદલ આભાર માન્યો હતો.

આ અવસરે સ્પેશિયલ ગીમીકસ બનાવીને સૌને ઈનામ વિતરણ કરવામાં આવેલ, જેનો ઉપસ્થિત સર્વેએ ઉલ્લાસપૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો.

આ પ્રસંગે શ્રી ભાગ્યેશભાઈ વોરા દ્વારા રજુ થયેલ મીમીક્રી કાર્યક્રમ સૌએ આનંદથી માણ્યો. દાતા પરિવાર દ્વારા સ્પોન્સર કરાયેલ લક્કી ડ્રોનું પણ આયોજન કરવામાં આવેલ, જેમાં એકથી એક ચઢીયાતા પ્રાઈઝનું સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ દાતા પરિવારના સદસ્યોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા લીધેલ જહેમત બદલ સૌ કાર્યકરો તેમજ સંસ્થાના કર્મચારીઓ પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે મંડળના ૧૦૪ વર્ષના ઈતિહાસની વીડીયો કલીપ ટેલીવીઝન ઉપરથી સતત પ્રસારિત કરવામાં આવેલ.

સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણી સૌ હસ્તે વદને વિદાય થયા.

❑ **પ્રોગ્રામ સમિતિ**



દાતા પરિવાર અને મંડળના કાર્યકરો





લક્કી ડ્રોના વિજેતાઓને પ્રાઈઝ વિતરણ કરતા દાતા પરિવારજનો



પ્રમુખશ્રી દ્વારા દાતાશ્રીનું સન્માન

## તંત્રી સ્થાનેથી...

# રિવાજો રહેશે ત્યાં સુધી વિરાસત જળવાશે..

નવી પેઢીને તક આપવાનું ટાળતી જૂની પેઢી માત્ર રાજકારણમાંજ નહીં ધાર્મિક તેમજ સામાજીક ક્ષેત્રમાં પણ મળી રહે છે. સામાન્ય રીતે નવી પેઢી તૈયાર થાય ત્યાં સુધીજ જૂની પેઢીએ વહીવટ સાચવવાનો હોય છે. દાઢીમાં ધોળો વાળ દેખાયો તે સાથેજ રામનો રાજ્યાભિષેક કરવાનો રાજા દશરથનો નિર્ણય અનુસરવાલાયક છે, પરંતુ કોઈને પોતાની જિંદગીમાં રામાયણ સર્જવી નથી એટલેજ પોતાની ગાદી સલામત રાખીને નવી પેઢી માટે નવી ખુરસી તૈયાર કરી આપવાનો ખેલ ખેલાય છે. કોઈપણ સંસ્થામાં આવી મનોદશા લાંબેગાળે મુશીબતો સર્જે છે, એટલે વય વધે તેમ એષણાઓ વધારવાના કે, સત્તા ટકાવી રાખવાને બદલે દરેક ક્ષેત્રે ૭૫ વર્ષ વટાવી ચુકેલ વડીલોએ યોગ્ય વ્યકિતઓને વહીવટી જવાબદારી સોંપી તેઓએ માર્ગદર્શકની ભૂમિકા અદા કરવી જોઈએ.

**''સંસ્કૃતિ એટલે બળ પર સમજણનો વિજય''** કેટલાક વણલખ્યા નિયમોથી સામાજિક તેમજ ધાર્મિક સંસ્થાઓમાં શિસ્ત જળવાય તોજ સંસ્થાઓ સુંદર રીતે કાર્ય કરી દીર્ઘ સમય સુધી ટકી શકે. પાટણ જૈન સમાજના સંદર્ભમાં આજે વાત કરીએ તો આપણા વડીલોએ સ્થાપેલી આપણી માતૃ સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ ૧૦૫ વર્ષથી કાર્યરત છે. આજે ચોથી પેઢી આ સંસ્થામાં સમાજ ઉત્કર્ષના ધ્યેય સાથે કાર્યરત છે. સંસ્થા સાથે જોડાનાર દરેક સભ્ય, કાર્યકર તેમજ સંચાલકનું લક્ષ અને ધ્યેય સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને મદદરૂપ થઈ તેમને સ્વાવલંબી બનાવવાનું રહ્યું છે.

આપણા વડીલો કે આપણને વધતે ઓછે અંશે મુંઝવતો પ્રશ્ન એજ હોય છે કે, ''પાટણના આપણા મોહલ્લાઓના જિનાલયો, ઉપાશ્રયો, જ્ઞાનશાળાઓ, ધાર્મિક હસ્તપ્રતો તેમજ અન્ય ઐતિહાસિક, ધાર્મિક, શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક વિરાસતની જાળવણી તેમજ વહીવટ આપણી ભાવી પેઢી કરી શકશે...?? આજીવીકા અર્થે મોટે ભાગે મુંબઈ તેમજ અન્ય શહેરોમાં આવી વસેલા મૂળ પાટણના જૈનોની ભાવીપેઢી, માતૃભૂમિ પાટણ સાથે આત્મિયતા અને મમત્વ કેળવી આપણા પૂર્વજોનો ધાર્મિક-સાંસ્કૃતિક કે શૈક્ષણિક વારસો જાળવશે..?

ઉપર્યુક્ત સવાલો અંગે વિશ્લેષણ કરતાં જણાય છે કે, આપણો પાટણ સમાજ જુદી જુદી જ્ઞાતિઓ, કુટુંબો તેમજ જુદા જુદા મહોલ્લાઓમાં વસેલો અને આપણે સૌ, પરાપૂર્વથી ચાલી આવતા રીવાજો અને પ્રથાઓ, ધાર્મિક વિધીઓ, સામાજીક માન્યતાઓના લીધે આપણે આપણા વતન પાટણ સાથે જ જોડાયેલા રહીએ છીએ અને જ્યાંસુધી આ પરંપરાઓ જીવીત રહેશે ત્યાં સુધી આપણે પાટણ સાથે Connected રહીશુંજ. એક રીતે આપણા રૂઢિરીવાજ અને પ્રથાઓનું આ એક સકારાત્મક પરિણામ છે. આપણામાંના કેટલાંકના કુળદેવીના દર્શન, લગ્નપ્રસંગ, નિશાળ ગયણું, મહોલ્લાની ભગવાનની વર્ષગાંઠ, ગામના મુખ્ય દેરાસરોના પ્રભુજીની સાલગીરી, સમયાંતરે મહોલ્લાઓમાં યોજાતા ધાર્મિક મહોત્સવો, સ્નેહમિલનો, પાટણ પાંજરાપોળના માધ્યમથી ચાલતી જીવદયાની પ્રવૃત્તિઓ તેમજ શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિ પછી તે, બી.ડી. હાઈસ્કુલ તેમજ કોલેજોના માધ્યમથી સામાન્ય પ્રજા માટે હોય કે સિદ્ધહેમ જ્ઞાનપીઠ દ્વારા આપણા પૂજ્ય સાધુ ભગવંતો અને મુમુક્ષુઓ માટેની શ્રુત જ્ઞાનપ્રદાન કરતી પ્રવૃત્તિ હોય.

આ સીવાય મેડિકલ કેમ્પો, દિવ્યાંગ બાળકો માટેની પ્રવૃત્તિઓ, દેરાસરોના જિર્ણોદ્ધાર તેમજ પ્રતિષ્ઠા વગેરે અનેક પ્રવૃત્તિઓ અને પ્રથાઓએ આપણા સમાજના સૌ કોઈને વધતે ઓછે અંશે આપણી માતૃભૂમિ સાથે આવા અનેક સેતુઓથી જોડી રાખેલ છે.

આ પ્રવૃત્તિઓનું સારી રીતે સંકલન તેમજ સંચાલન થતું રહેશે ત્યાં સુધી આપણા પૂર્વજોની મહામુલી વિરાસત અકબંધ તો રહેશેજ બલકે વધુ સારી રીતે એનું જતન થતું રહેશે. આ ઉપરાંત ભારપૂર્વક જણાવવાનું કે, કર્તવ્યનિષ્ઠ અને સેવાભાવી સ્થાનિક સભ્યોનો પાટણની પ્રવૃત્તિઓમાં વહીવટી સાથ-સહયોગ આજના સમયની અનિવાર્યતા થઈ ગઈ છે તેની નોંધ લેવી જ રહી.

❑ **સંપાદક સમિતિ**

**શ્રી પાટણ જૈન મંડળ બ્રોડકાસ્ટ મોબાઈલ નં. 8779161209**

**તમારા વોટ્સએપ મોબાઈલમાં શ્રી પાટણ જૈન મંડળનો નીચે આપેલ મોબાઈલ નં. કોન્ટેક્ટ લિસ્ટમાં અવશ્ય સ્ટોર કરી લો. જેથી કોઈપણ ફોરવર્ડ મેસેજો વગર તમે પાટણ જૈન મંડળના બ્રોડકાસ્ટ મેસેજ અને ઓફિશિયલ .. રીસીવ કરી શકશો.**

**બ્રોડકાસ્ટ મોબાઈલ નં. 8779161209**


**PATOLA OF PATAN PVT. LTD**

(National Award Winner 1983-State Award Winner 2006)

Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182

Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com

Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT



**નોકરી ખાલી છે**

**વરલી ખાતે રહેતા વયસ્ક રીટાયર્ડ ભાઈ માટે દિવસના ૫ કલાક (બપોરે અઢીથી સાડાસાત સુધી), ગુજરાતી તથા અંગ્રેજી સારી રીતે વાંચી શકે તેવા ભાઈની જરૂર છે. સેવાભાવીવૃત્તિવાળા ભાઈને સારું વળતર મળશે.**

**ફોન ફક્ત સોમથી શુક્ર સવારે ૧૦-૧૧ વચ્ચે કરવો.**

Tel. No. 9821792022.

ADVT

## ''કર ભલા હોગા ભલા''

અષાઢની ઘનઘોર વાદળઘેરી શામ હતી, સૂર્યદેવને કાળા વાદળોએ ઢાંકી દીધા હતા અને ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. તેવા સમયે મારે ફોર્ટમાં જવું હતું ધોધમાર વરસાદને લીધે રસ્તા ઉપરથી કાળીપીળી ટેક્ષીઓ ગાયબ થઈ ગઈ હતી. ત્યારે ઓપેરા હાઉસ ઉપર ટ્રાફિક અને સીગ્નલના લીધે બસ ઊભી હતી. મેં બસના પગથિયા ઉપર ઊભેલા કંડક્ટરને વિનંતી કરતા કહ્યું ''ભાઈસાબ મૈં આ શકતા હું''

''નહીં સ્ટોપસે આનેકા''

''બાબુજી બસ ભી ખાલી હૈ ઔર ભારી બારીશ હૈ લે લો તો બડી મહેરબાની, ભગવાન આપકા ભલા કરેગા.''

''ના બોલાના એકબાર, અબ દિમાગ મત ખાઓ.''

''ભાઈ સાબ જૈસી આપકી મરજી, બસ ઈતના ખ્યાલ રખન,

કર ભલા હોગા ભલા'' અને મને લીધા વગર બસ આગળ ચાલી ગઈ. ટેક્ષી ટેક્ષી બુમ મારતો હું આગળ ચાલતો થયો. ત્યારે પેલા કંડક્ટરે મને બુમ મારી 'ઓ જેન્ટલમેન આ જાઓ.' મને ઝડપથી ચાલતો જોઈ બોલ્યો આરામસે આઓ મૈં ખડા હું.''

તેનો દિલથી આભાર માની સીટ ઉપર બેઠો પછી ટીકીટના પૈસા માટે ગરીબ પોટલીઓ ખોલે તેમ બધા ખીસા જોયા પણ રૂા. ૨૦/-ની નોટ જ ન નીકળી બધી જ રૂા. ૧૦૦/-ની નોટ જ હતી. હું મનમાં મુંઝાયો હવે તો જરૂરથી ગુસ્સો કરી નીચે ઉતારી મુકશે. એટલે મેં તેમને કહ્યું ''બાબુજી લો આ રૂા. ૧૦૦/- બસ કી ટીકીટકા પૈસા કાટકે બાકી કા પૈસા આપ રખના આપને મેરી ટેક્ષી કા પૈસા બચા દીયા હૈ.''

''નહીં નહીં આપકી ટીકીટ મેરી ઓર સે'' આપને મુઝે પાઠ શીખાયા હૈ, ''કર ભલા હોગા ભલા'' આપ મેરે લીયે આધાર કાર્ડ કી તરહ હૈ, આપકો મૈં હંમેશા યાદ કરુંગા. આપ મેરા નામ ઔર મોબાઈલ નંબર લે લો. કભી ભી આપકો મેરી જરૂર પડે તો મુઝે ફોન કરના ઔર મૈં જરૂર આપકા કામ કર દુગા. આપકો છુટા ચાહીએ સબ અચ્છી નોટ ઓર ચીલ્લર ભી દે દુ અભી.'' કહી મને મારી ઉતરવાની જગ્યાથી નજીક ઉતાર્યો.

છૂટા પડતી વેળા મને પગે લાગ્યો અને બોલ્યો આપકા બહુત ધન્યવાદ, ભગવાન આપકો હંમેશા સુખી ઔર તંદુરસ્ત રખે. કહી અમો છૂટા પડ્યા. હું મનમાં વિચારતો હતો કહેવતના શબ્દોની કેટલી બધી અસર થાય છે. ખરેખર માણસનું સાચું સૌંદર્ય અરિસામાં નહીં પરંતુ તેની વાણી વર્તન અને વિચારમાં જોવા મળે છે. લાગણીનો ભીનો ભીનો ઉષ્માભર્યો કન્ડક્ટર સાથેનો સંબંધની કોઈ વ્યાખ્યા નથી હોતી તેને કોઈ ચોક્કસ સીમામાં બાંધી શકાતા નથી અને કવિએ કહ્યું છે,

**જગમાં સારા કામ કરી લો, કામ કરી શુભ નામ કરી લો,**
**પ્રેમ ભક્તિના જામ ભરી લો, ઈન્સાનિયતથી જિંદગી જીવી લો..!!**

❑ **શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી**

## મીરા રોડથી વિરાર રહેતા પરિવારો માટે

શ્રી પાટણ જૈન મંડળની વિવિધ સહાયક પ્રવૃતિઓના ફોર્મ ઈત્યાદી સેવાઓ માટે માનદ સેવા આપતા **શ્રી નીલેશભાઈ કાંતિલાલ શાહના** બદલાયેલા ઓફિસના સરનામાંની નોંધ લેવા વિનંતી છે.

**પટણી એજન્સી : ૧, જયશ્રી એપાર્ટમેન્ટ, કસ્તુરી ગાર્ડન કોમ્પલેક્ષની સામે, ટેમ્બા હોસ્પિટલ ક્રોસ રોડ, મેક્ષશ મોલની બાજુમાં, ભાયંદર વેસ્ટ , ફોન ૯૩૨૧૧૫૦૧૬૦**

## જૈન દીક્ષા એટલે

| | | |
|---|---|---|
| ભુતકાળની ભુલોનું | .... | કરેક્શન |
| પાંચ મહાવ્રતોને ઉપાડવાનું | .... | ટ્રેક્શન |
| નિદોર્ષ જીવન જીવવાની | .... | કંડિશન |
| સાંસારિક પ્રવૃત્તિનું દૂર થાય | .... | ટેન્શન |
| પંચ પરમેષ્ઠિમાં મળી જાય | .... | એડમિશન |
| અજ્ઞાનને દૂર કરવાનું | .... | લોશન |
| ચૈતન્યને ચમકાવનાર | .... | લેમિનેશન |
| સુખી બનવાનું થઈ જાય | .... | સિલેક્શન |
| કર્મરૂપી કેન્સરનું સફળ | .... | ઓપરેશન |
| ભવરોગ મટાડવાનું | .... | ઈન્જેક્શન |
| મુક્તિસ્થાન પામવાનું | .... | જંક્શન |

❑ **શ્રીમતી અમિતાબેન મનોજકુમાર શાહ**

## પાટણ કોપરેટીવ બેન્ક

આપણો પાટણ જૈન સમાજ, શ્રી પાટણ જૈન મંડળ તેમજ તેની સહયોગી સંસ્થાઓ દ્વારા જૈન સમાજમાં પ્રસિદ્ધ છે. તેવી જ એક અલાયદી અને સ્વતંત્ર વહીવટ સંભાળતી ધંધાકીય પ્રવૃત્તિ એટલે શ્રી પાટણ કો-ઓપરેટીવ બેન્ક, આપણા દેશમાં ૧૫૬૯ કો-ઓપરેટીવ બેન્કો છે. એમાંથી બહું ઓછી બેન્કો વ્યવસ્થિત ચાલી નફો કરે છે. ફક્ત ચાર બેન્કજ એવી છે કે જેની Gross અને Net, (NPA) Non Productive Assest ઝીરો છે. જેનો અર્થ એમ થાય કે બેન્કનો વહીવટ ઘણોજ સારો છે.

પાટણ કો-ઓપરેટીવ બેન્ક ઉપર જણાવેલ ચાર બેન્કમાંની એક છે, તે માટે પાટણ સમાજ ગર્વ લઈ શકે છે. તદ્ઉપરાંત આપણી આ બેન્ક ગત્ ૩૬ વર્ષથી દરેક વર્ષે ડીવીડંડ આપે છે. આપણા સમાજની આ બેન્ક મરીનડ્રાઈવ, ગોરેગામ તેમજ નાગદેવી ખાતે કાર્યરત છે, જેમાં ખાતું ખોલાવીને તેમજ કાર-ઘર તેમજ ધંધાર્થે લોન લઈને આપણી બેન્કની પ્રગતિમાં હીસ્સેદાર બની આપણી નૈતિક ફરજ બજાવીએ.

આજે બેન્કને થાપણદારની સાથે સાથે બેન્ક પાસેથી લોન લેનાર સારા ગ્રાહકોની પણ આવશ્યકતા છે. તેથી જરૂરિયાતવાળા આપણા સમાજના સભ્યો આકર્ષક વ્યાજદરે લોન લઈ આપણી બેન્કને પ્રાધાન્ય આપી બેન્કની પ્રગતિમાં સાથ સહકાર આપે તેવી અપેક્ષા છે.

# અંજનશલાકા ઉત્સવ અહેવાલ



વારાણસી નગરીની રાજસભા

**સ્વપ્ન જોવું તે એક વાત છે અને એ સ્વપ્નને સાર્થક કરવુ તે વાત જુદી!** આ કોઈ જોડકણું કે સુવિચાર નથી, કે નથી વાંચેલ. કે નથી ફોરવર્ડ કરેલો કોઈ Whats App, પરંતુ ચાર્તુમાસ પ્રવેશથી માગસર સુદ પાંચમ સુધી મરીનડ્રાઈવના સંઘે જોયેલ સ્વપ્ન સિદ્ધિની નક્કર હકીકત છે.

કહેવાય છે કે, મરીનડ્રાઈવ જૈન સંઘ એટલે નાનકડો સંઘ, જ્યાં ઉપાશ્રય પણ મોટા નથી છતાં જાણે સામે ઉછળતા સાગરની સમાન હૃદય સૌના વિશાળ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી મરીનડ્રાઈવ ખાતે ચાતુર્માસ ભવ્ય રીતે થાય છે, પરંતુ આ ચાતુર્માસ તો ભવ્યાતીભવ્ય બની રહ્યો.

અનુયોગાચાર્ય **શ્રી લબ્ધિચંદ્ર સાગર મ.સા.** આદિઠાણા, ૩નો પ્રવેશ થયો અને તેમની ઓળખ આપતા ગુરુભગવંતો દ્વારા પ્રખર આગમ અભ્યાસી મહાત્મા તમારા સંઘને પ્રાપ્ત થયા છે, તેવી ગુણાવણી – રજુ કરવામાં આવેલ. જેથી શ્રી સંઘને આગમોની સમજ અને ટૂંક સાર પ્રાપ્ત થાય તેમાં કોઈ નવાઈ જ નહોતી. પરંતુ વધુમાં જ્ઞાનસારની વાચનાશ્રેણી દરમ્યાન નિશ્ચયની સમજ પુરી પાડવામાં આવેલ તેમજ નવ દિવસના સામુહિક નવકાર જાપનું પણ આયોજન કરવામાં આવેલ. સાથોસાથ તેમણે કેટલીક વાતોની રજૂઆત પ્રત્યેક રવિવારીય શિબીરોમાં વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે આપી. તેમજ શત્રુંજય ખાતે **શંખેશ્વર જેવું શંખેશ્વર સ્થાપવાનો** પોતાનો મનોરથ પણ સંઘ સમક્ષ રજૂ કર્યો.

આ સ્વપ્નને તેમણે **શંખેશ્વરપુરમ** નામ અપર્ણ કરેલ છે, જેમાં જિનાલય ઉપરાંત વિશાળ સાયન્સસીટીનું પણ લોક કલ્યાણાર્થે નિમાર્ણ થવાનું છે તેની સવિસ્તાર રજૂઆતો કરી. આ તિર્થમાં પ્રતિષ્ઠિત થનાર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી કોકા પાર્શ્વનાથ શ્રી આદીનાથ તથા શ્રી સંભવનાથ પરમાત્માના અંજનશલાકા મરીનડ્રાઈવ ખાતે કરવાની વાત કરી અને જાણે મરીનડ્રાઈવના સમસ્ત પરિવારજનોના હૃદયમાં સહસ્ત્ર દીપ પ્રજ્વલીત થયા અને આનંદના સાગર હિલોળા લેવા માંડ્યા.

પાટણ સમાજને એ જાણી જરૂર આનંદ થશે કે આ અંજનશલાકા મહોત્સવમાં માતા-પિતા, ઈન્દ્ર-ઈન્દ્રાણી, પ્રિયવંદા દાસી, ફઈબા-ફુવા, મામા-મામી, સાસુ-સસરા કે અન્ય મહત્વના પાત્રોના કોઈ જ ચડાવા ના બોલતા અરસપરસ વિચાર વિમર્સ દ્વારા લાભ આપવામાં આવ્યા જેમાં મહદ્અંશે આપણા સમાજના પરિવારજનોએ લાભ લીધેલ જે આપણા સૌના માટે ગૌરવ સમાન છે.

લગભગ ૫૦ વર્ષ બાદ આવો અમૂલ્ય અવસર મરીનડ્રાઈવ જૈન સંઘને પ્રાપ્ત થયો તેથી જિનાલય, રંગ મંડપ તેમજ મકાન અને ઘરના આંગણાઓ વગેરેને સુંદર સુશોભીતપણે શણગારવામાં આવેલ, **જાણે કે આસો નહીં પરંતુ કારતક પૂનમે દિવાળી આવી હોય!**

મરીનડ્રાઈવના શ્રીનીકેતન ગાર્ડન ખાતે જાણે ખરેખર વારાણસી નગરીનું સ્વરૂપ અપાયેલ હતું, જેમાં ઈન્દ્ર-ઈન્દ્રાણીનું આસન ઉડીને આંખે આવતું હતું. રાજા મહારાજાના પહેરવેશ, વસ્ત્રપરિધાન, સુંદર મેકઅપમાં ખરો ચહેરો ઓળખવો પણ અઘરો થઈ પડતો હતો. તો સ્ટેજ કાર્યક્રમ દરમિયાન પાર્શ્વ જન્મના સમાચાર આપતી પ્રિયવંદા દાસી હોય, ફઈઆરૂ લાવતા ફઈબા પરિવાર હોય કે પછી મામેરુ લાવતા પરિવારજનો હોય, એક એક પ્રસંગને સંગિતના સથવારે સુંદર રીતે શ્રી નીલેશભાઈ રાણાવત દ્વારા. રજુઆત કરવામાં આવેલ તેમજ પંડીત શ્રી ધનંજયભાઈ જૈન દ્વારા શાસ્ત્રોકત અને સર્વે વિધી વિધાન કરવામાં આવેલ.



ઈન્દ્ર-ઈન્દ્રાણી





પ્રભુજીના કલ્યાણકની ઉજવણી




પ્રભુજીના જન્મ કલ્યાણકની ઉજવણી કરતા માતા-પિતા તથા ઈન્દ્ર



મોઢુ મીઠુ કરાવતા વેવાઈ

મરીનડ્રાઈવ ખાતેના આ અંજનશલાકાની વિશેષતા એ હતી કે શુક્રવાર તા. ૧૦-૧૧-૨૦૧૭થી મંગળવાર તા. ૧૪-૧૧-૨૦૧૭ના પાંચેય દિવસો દરમ્યાન પ્રભુજીના કલ્યાણકો તેમજ યક્ષરાજ અને દેવી પ્રતિષ્ઠાના અનુષ્ઠાનો વહેલી સવારે એટલે કે ૬.૦૦ વાગ્યાની આસપાસ યોજવામાં આવતા, તેમ છતાં જિનાલયની બહારના રંગમંડપમાં ભાઈ-બહેનોની ભરચક ઉપસ્થિતિ રહેતી.

અંજનવિધીની રાત તો જાણે મધ્યરાત્રીએ જ મરીનડ્રાઈવ ખાતે સૂર્યોદય થયો હોય તેવી અનુભવાઈ, સૌ પ્રથમ ઢોલ-ત્રાંસા-શરણાઈના સથવારે આવી મહારાજા કુમારપાળની સવારી અને ઝગમગી ઉઠ્યું, સમગ્ર પરિસર ટમટમતા દિવડાઓથી અને વધાવ્યા શ્રી પાર્શ્વનાથ પરમાત્માને પ્રભાવી આરતી મંગલદીવાથી. આરતી પશ્ચાત પણ જનમેદની જાણે ત્યાથી ખસવાનું નામજ લેતી ના હતી. જોત જોતામાં ઘડિયાળમાં ૧૨ના ટકોરા પડ્યા અને થયા વડીલો પુનઃ એકત્રીત પરિસરમાં સમુહ જાપમાં જોડાઈ ગયા.

અંજન થયા બાદના પરમાત્માના પ્રથમ દર્શનનો સુંદર ચઢાવો બોલાયો અને ત્યારબાદ સૌએ પણ કર્યા મુખદર્શન. પુનઃ જોડાયા ધ્યાન – જાપમાં અને સવારના ૪.૩૦ વાગ્યાનો સમય થતાં લાભાર્થી પરિવારો દ્વારા થયા. ૧૦૮ અભિષેક અને ત્યારબાદ ૫.૩૨ના મંગલ મૂહુર્તે થઈ યક્ષરાજ માણીભદ્રવીર અને પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા અને સાથોસાથ જયઘોષના આનંદોચ્ચાર સાથે ઉપસ્થિતિ સર્વે ઝુમી ઉઠ્યા. ગુલાલ ઉડ્યા, ગીતોના ગુંજન થયા, તાલીઓના તાલે હાથ અને પગ પણ હાલ્યા અને મોઢે સ્મિત સોળે કળાએ ખિલ્યા.

મહોત્સવ દરમ્યાન ચાર દિવસ સ્વામિવાત્સલ્ય તેમજ નવકારશીનું આયોજન કરવામાં આવેલ. અંજનશલાકા નિમિત્તે સુવર્ણ સ્થંભ અને રત્નસ્થંભ યોજનામાં સંઘના સખીદાતાઓ ઉમળકાભેર જોડાઈને સુકૃત કર્યાનો લાભ પામ્યા.

અંજનશલાકા મહોત્સવના તમામ કાર્યોમાં ટ્રસ્ટીગણની સાથોસાથ મરીનડ્રાઈવ ખાતેના યુવાવર્ગ દ્વારા સક્રિય રસ લઈ તેને સફળ બનાવવામાં શ્રમદાનરૂપે સહયોગ આપવામાં આવેલ.

## અંજન શલાકાના વિવિધ લાભાર્થીઓ

- દેવલોકમાંથી પ્રભુજીનું ચ્યવન અને જન્મ
  મે. એસ. કપુર એન્ડ સન્સ
- માટીનું પીંડ ભરાવનાર તથા વિધિવિધાન –
  શ્રીમતી ચારુબેન તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ
- શ્રી કોકા પાર્શ્વનાથ ભરાવનાર અને પ્રતિષ્ઠા તથા રાજ્ય મંત્રીશ્વર
  શ્રી મુકેશભાઈ લલિતભાઈ શાહ
- શ્રી શાંતિનાથ ભગવાનની પંચતીર્થી ભરાવનાર
  શ્રીમતી કામીનીબેન જયંતભાઈ શાહ
- શ્રી સિદ્ધચક્રજી ભરાવનાર –
  શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ
- પ્રભુજીના માતા-પિતા
  શ્રીમતી શિલ્પાબેન તથા શ્રી નિલેશભાઈ રમણલાલ દોશી
- ઈન્દ્ર-ઈન્દ્રાણી
  શ્રીમતી નયનાબેન તથા દિનેશભાઈ શાંતિલાલ શાહ
- પ્રિયવંદા દાસી
  શ્રીમતી રિદ્ધિ અંકીત ઝવેરી
- ફુવા – ફઈબા
  શ્રીમતી પ્રજ્ઞાબેન તથા દિપકભાઈ રેવંતીલાલ શાહ
- મામા-મામી
  શ્રીમતી હીનાબેન તથા ચેતનભાઈ લલિતભાઈ શાહ
- સાસુ-સસરા
  શ્રીમતી સોનલબેન તથા ધીરેનભાઈ હસમુખલાલ શાહ



ફૈયારુ લઈ આવતા ફઈ-ફુવા



ઉપસ્થિત જનમેદની



અંજન માટે સાધુભગવંતોને રેશ્મી વસ્ત્રો વહોરાવતા લાભાર્થીઓ





મામેરીયુ લાવતા મામા-મામી તથા પરિવારજનો



બહુમાન સમારંભનું સંચાલન કરતા ટ્રસ્ટીગણ

- પ્રભુજીની બહેન
  શ્રીમતી બબિતાબેન સંજયભાઈ લોઢા
- હરિણેગમૈષી દેવ
  શ્રી સાગર રોહીતભાઈ શાહ
- રાજ જ્યોતિષ
  શ્રી સંકેત રોહીતભાઈ શાહ
- કુલમહત્તરા
  શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ
- નગરશેઠ
  શ્રી નીરવ જિતેન્દ્રભાઈ શાહ
- છડીદારો
  ચિ. રેયાંશ ચંદ્રેશભાઈ લલિતભાઈ સંઘવી
  ચિ. માહીર ભાવિક શાહ
- અંજન
  શ્રી અશોષભાઈ દામજીભાઈ છેડા
- યક્ષરાજ માણીભદ્રવીર પ્રતિષ્ઠા
  શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ તથા
  શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ
- પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા
  શ્રી મુકુલભાઈ દોશી

આ પ્રસંગે પૂ. આ. શ્રી સાગરચંદ્ર સાગરસૂરીસ્વરજી મ.સા., પૂ. અનુયોગાચાર્ય શ્રી લબ્ધિચંદ્ર સાગરજી મ.સા., પૂ. પ્રર્વેશચંદ્ર સાગરજી મ.સા., પૂ. સર્વેશચંદ્રસાગરજી મ.સા. પૂ. વિનપ્રસાગરજી મ.સા. તથા અન્ય સાધુભગવંતો તેમજ પ.પૂ. સા. શ્રી શમપૂર્ણાશ્રીજી મ.સા. પ.પૂ. સા સૌમ્યનંદિતાશ્રીજી મ.સા., પ.પૂ. સા. પ્રિયનંદિતાશ્રી મ.સા. તથા અન્ય સાધ્વીજી ઉપસ્થિતિ રહેલ.

## અંજન શલાકા મહોત્સવ નિમિત્તે સ્વરચિત પદ્ય...

ઝીણા ઝીણા ઝરમર મોતીડા વરસે
પ્રતિષ્ઠાનો રંગ રહી જાય
પાટણના ચોકમાં સહિયરની સંગે ગરબાની રમઝટ થાય
આજ એકમેક સંગે સહુ ગાય ગરબાની રમઝટ થાય
મરીન ડ્રાઈવના ચોકમાં દાદા બિરાજે
મન મોહક મુગટમાં આંગી રૂડી છાજે
દર્શનીયે લોક ઉભરાય – ગરબાની રમઝટ થાય
આજ ગગનથી ચાંદનીના રૂપ રેલાય
મંદ મંદ પવનનો વીંઝણલો વાય
આજ પૂજા ભણાવતા મંડળો હરખાય
ટ્રસ્ટીઓ બેઠા બેઠા મલકાય
કમિટીના ભાઈ બહેનોનો સાથ મળી જાય
રંગે ચંગે મહોત્સવ પૂરો થાય
કંઠની મોરલી મધુર મધુર ગાય
કાર્યકર્તા ભાઈબહેનોના મુખડા મલકાય
ગુરુજીની ભાવના પૂરી થાય
આવતા જનમનું ભાથું બાંધી જાય
મરીન ડ્રાઈવ સંઘને કેમે રે ભૂલાય

❑ શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ



સાંજી તથા મહેંદી રસમની ઉજવણી





નિશ્રા પ્રદાન કરતા સાધુ સાધ્વી-ભગવંતો

# શ્રેણીતપ આરાધના

**સમાજના નીચે મુજબના તપસ્વીઓએ બોરીવલી ખાતે પર્યુષણથી પ્રારંભ કરેલ શ્રેણીતપના કારતક સુદ - ૧૫ના પારણા કરેલ છે, તેની અનુમોદના.**



**છાયાબેન જયકુમાર શાહ**
ઉં.વ. ૬૦, બોરીવલી
મારફતિયા મહેતાનો પાડો



**બીનાબેન પ્રણયભાઈ શાહ**
ઉં.વ. ૫૧, બોરીવલી
ડંકમહેતાનો પાડો



**રીટાબેન કિરીટભાઈ શાહ**
ઉં.વ. ૫૩, બોરીવલી
ઝવેરીવાડો



**મીનાબેન હીતેનભાઈ શાહ**
ઉં.વ. ૫૬, બોરીવલી
લીમડીનો પાડો



**રશ્મિભાઈ નવિનચંદ્ર શાહ**
ઉં.વ. ૫૮, બોરીવલી
વખતજીની શેરી



**શ્રી જનકભાઈ બાબુલાલ સફરી**
ઉં.વ. ૫૨, બોરીવલી
ગોદડનો પાડો

# પાટણનું ગૌરવ




India Star 2017 (National Award) by Indian Institute of Packaging and India's Best Design Project Award 2017 by Pool Magazine won by **Jigna Shah Oza wife of Kamal Oza** (owner of Orbango Juices) daughter of Late Smt. Tarunaben & Shri Mahendrabhai Shah of Vasupujya Seri for Orbango Juice Bottle Packaging..

Shree Patan Jain Mandal Congratulates **Jigna** for her achievement.



❑ મલ્લાતના પાડાના હાલ ઈન્દોર સ્થિત શ્રીમતી મીનાબેન તથા શ્રી પ્રજ્ઞેશભાઈ રમેશચંદ્ર શાહ ની **સુપુત્રી ચિ. નુપુરને** તાજેતરમાં **''નીરમા યુનિવર્સિટિ''** દ્વારા સને ૨૦૧૭ મા લેવાયેલ **માસ્ટર ઓફ સાયન્સ (કોસ્મેટીક સર્જરી)**ની પરીક્ષામાં **પ્રથમ નંબરે** ઉર્તિણ થવા બદલ **ગોલ્ડ મેડલ** એનાયત થયેલ છે, તે બદલ અભિનંદન. ચિ. નુપુર કોસ્મેટીક સર્જરી ના તેના ક્ષેત્રમાં યોગદાન આપી પરિવાર તથા સામાજને ગૌરવ અપાવે તેવી શુભેચ્છા.

***Choreography for wedding & Events***
***Regular Dance Class at Nanachowk***

**DHRUVI SHAH DANCE**

***Call: 9820238275 / 9930068275***
***Follow @ dhruvishahdance***
***On YouTube Facebook & Instagram***

# PATAN PREMIER LEAGUE CRICKET TOURNAMENT




પ્લેયર્સ ઓક્સન સમારંભમાં ઉપસ્થિત મંડળના હોદ્દેદારો તથા અન્ય મહાનુભવો

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટ્સ સમિતિ દ્વારા યોજાયેલ સોમીરા પાટણ પ્રીમીયમ લીગ ટુર્નામેન્ટના ખેલાડીઓના ઓકશનનો એક કાર્યક્રમ રવિવાર, તા. ૧૯-૧૧-૨૦૧૭ના સાંજે ૪ થી ૯ દરમ્યાન હિન્દી વિદ્યાભવન સ્કુલ ખાતે યોજવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી કમલેશભાઈ દ્વારા સૌને તથા આવકાર આપવામાં આવેલ ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ, ઉપપ્રમુખો શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ તથા શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં સમાજના લગભગ ૧૫૦ યુવા ખેલાડીઓને મંડળના એક છત્ર હેઠળ લાવવા બદલ સમિતિને બિરદાવવામાં આવેલ. તેમજ આ ખેલાડીઓને ઉત્સાહભેર મંડળમાં પ્રવૃત્ત – સહભાગી થઈ પોતાની કળા-કૌશલ્યતાના અનુભવના આધારે સમાજના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા આહવાન આપવામાં આવેલ.

આ અવસરે **SPPL** ટુર્નામેન્ટની ટ્રોફીનું મંડળના હોદ્દેદારોના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું. આ કલાત્મક ટ્રોફીના સ્પોન્સરર **SPECTRUM** બેંગ્લોર, હસ્તે શ્રી ભાવિકભાઈ સુનીલભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો) છે.

આ પ્રસંગે ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સરર **મે. સોમીરા ડાયના** શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ – શ્રી કૌશલભાઈ જનકભાઈ શાહ કો-સ્પોન્સરર **શ્રી મુકેશભાઈ ચીમનલાલ પટણી,** છ ટીમ ઓનર્સો **ZNL ચેલેન્જર્સ, કુસુમ વોરીયર્સ, AMS ગ્લેડીએટર્સ, SK સ્ટ્રાઈકર્સ, SPS સુપર સ્ટાર્સ, સુચિત જયરાજ શાહ બ્લાસ્ટર** તેમના પરિવારજનો, મંડળના હોદ્દેદારો શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ, શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ, દાતા શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ,

અનુસંધાન પાના નં. ૧૦



Team Owenrs



શ્રી સંજયભાઈ, શ્રી ભાવેશભાઈ તથા શ્રી પુનીતભાઈ કાર્યક્રમ સંચાલકો



ટુર્નામેન્ટ ટ્રોફી સાથે પ્રમુખ તથા સ્પોન્સરર



Team Owenrs

Team Owenrs







પાના નં. ૯ થી ચાલુ

શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ, શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ, શ્રી પુનીતભાઈ સૂર્યકાંતભાઈ શાહ તથા સમિતિના સભ્યો શ્રી જતીનભાઈ કીર્તિકુમાર શાહ, શ્રી આશીતભાઈ બીપીનચંદ્ર શાહ, શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ શાહ આદી લગભગ ૧૨૫ ભાઈ-બહેનો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હર્ષલ સંજયભાઈ શાહ તથા શ્રી નિશીત ભુપેન્દ્રભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ.

## Be a Part of this Big Cricket Carnival

Sport Comittee is planning to make a Goodie Bag for all PPL participants. This Bag will consist of Freebies and Discount Coupons / Vouchers. Therefore if anyone wishes to join & partner themselves with this event in cash or kind are most welcome. We need Aprox. 130 sets of each.

Come and be a part of this big Cricket Carnival

## ૪૫ વર્ષથી વધુ વયના મુરબ્બીઓની ક્રિકેટ મેચ

**રવિવાર, તા. ૨૬-૧-૨૦૧૮ • સમય : સવારે ૯ થી ૪**

**• સ્થળ : વેસ્ટર્ન રેલ્વે સ્પોટર્સ ગ્રાઉન્ડ, મહાલક્ષ્મી સ્પોટર્સ કમ્પલેક્ષ, મહાલક્ષ્મી, મુંબઈ.**

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટેની ક્રિકેટ મેચ નીચેની વિગતે યોજાયેલ છે તેમાં ભાગ લેનાર ઈચ્છુક સભ્યોએ પોતાનું નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, મોબાઈલ, રહેઠાણ વિસ્તારનું નામ લખી **રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડિપોઝીટ** ભરી મંડળના મરીન ડ્રાઈવ, ગોરેગામ અથવા બોરીવલી ખાતેના કાર્યાલયમાં **તા. ૩૧-૧૨-૨૦૧૭** સુધી નોંધાવી જવા વિનંતી છે.


# કનાસા કલ્યાણ કેન્દ્ર

કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ

## શિયાળો આવ્યો સાલમપાક લાવ્યો



- જયણાપૂર્વક બનાવેલા વિવિધ ખાદ્યપદાર્થો KKK માંથી જ ખરીદવાનો આગ્રહ રાખો.
- KKK ના બનાવેલા સર્વે ખાદ્ય પદાર્થો સાધુ-સાધ્વીજીને વહોરાવવા યોગ્ય હોય છે.
- **ખાખરા** - શુદ્ધ ઘીના સફેદ ખાખરા, મીઠી-તીખી મુગડીના ખાખરા, જીરા-ચોળાફળી-બાજરીના ખાખરા, મસાલા-મેથીના ખાખરા.
- **પાપડ** - સાજીના ડબલ મરીના સફેદ પાપડ, કોરમાના લાલ પાપડ.
- **મીઠાઈ** - દેવડા, મગદળ, મોહનથાળ, ઘેસી લાડવા
- ઉપરાંત તીખી સેવ-બુંદી, શીંગની ચટણી, મેથીનો મસાલો.

**શિયાળામાં બાજરીના અને મઠના ખાખરા તેમજ સાલમપાક માટે સંપર્ક કરશો.**

મિઠાઈ ઓછામામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે

સંપર્ક

પાટણ : 09428664881, 09687679158

ગોરેગાંવ : 09699053690, 08767121628

વિલેપાર્લા : 09920385597

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
# શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલય, પાટણના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોગ અપીલ

તા. ૨૭-૨૮ જાન્યુઆરી, ૨૦૧૩માં, વિદ્યાલય ખાતે યોજાયેલ ''ગોલ્ડન ગેધરીંગ'' પ્રસંગે જૂના સહાધ્યાયીઓ અને ગુરૂજનોએ પરસ્પરનો ચિરઃસ્મરણીય આનંદ માણવા સાથે, તે પ્રસંગે શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મંડળની સ્થાપના કરવાનું સ્વપ્ન સેવેલું.

શ્રી પાટણ જૈન મંડળ, મુંબઈના સંચાલન હેઠળ સને ૧૯૪૫માં સ્થપાયેલ આપણી માતૃસંસ્થા શ્રી ભોગીલાલ દોલતચંદ સાવર્જનિક વિદ્યાલય, પાટણ ખાતે અભ્યાસ કરી ભિન્ન ભિન્ન ક્ષેત્રે કાર્યરત આપણે સૌ આત્મીય સ્નેહભાવથી સંગઠિત થઈ પરસ્પર પરિચયમાં રહી, આપણી માતૃસંસ્થાએ સિંચેલા સંસ્કારોનું ઋણ અદા કરવાની ભાવના સાથે અગ્રહરોળની આપણી માતૃસંસ્થાની ગૌરવમંડિત પરંપરા જળવાય, વિદ્યાલય સાથે આપણો અર્થપૂર્ણ જીવન સંપર્ક જળવાય તથા વિદ્યાલય અને વિદ્યાલય ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ અર્થે કંઈક CREATIVE - INNOVATIVE કરી શકીએ તેવા શુભ આશયથી ''શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એસોસીએશન''ની સ્થાપના કરાઈ છે.

### એસોસીએશનના નેજા હેઠળ:-

- વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શનના કાર્યક્રમો ઉપરાંત રોજગારલક્ષી તાલીમના શોર્ટ-ટર્મ કોર્સિસ ચલાવવા.
- જી.પી.એસ.સી./યુ.પી.એસ.સી. વગેરે જેવી કસોટીઓ માટે કોચીંગ વર્ગની વ્યવસ્થા કરવી.
- વિદ્યાક્ષેત્રે ઉપરાંત સાહિત્યકલા, ખેલકૂદ વગેરે જેવા ક્ષેત્રે પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું.
- શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા માટે સેમિનાર, વર્કશોપ યોજવા ઉપરાંત પ્રભાવક કામગીરી માટે પ્રોત્સાહન આપવું.
- વિદ્યાલયના સંસ્થાકીય વિકાસ માટે જરૂરી સહયોગ આપવો વગેરે જેવા હેતુલક્ષી કાર્યક્રમો, પ્રવૃત્તિઓ હાથ ધરવા વિચારાયેલું છે. ઉપર જણાવેલ કાર્યક્રમો સંબંધે નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવેલ છે, અને ભવિષ્યમાં તે સંબંધે વિસ્તારપૂર્વક કામ કરવાની ધગશ છે, આપની વર્તમાન કારકિર્દીના પાયામાં વિદ્યાલયનું મૂલ્યવાન પ્રદાન હોઈ, આજીવન સભાસદ તરીકે રૂા. ૫૦૦/- (એન.આર.આઈ. માટે $-૧૦૦) ફી પેટે મોકલાવી એસોસીએશનના સભ્ય તરીકે જોડાવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

''શ્રી બી.ડી.એસ.વી.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એસોસીએશન, પાટણ''ના ફોર્મમાં આપની વિગતો ભરી એસોશિએશનના નામે લખાયેલ ચેક અથવા ડ્રાફ્ટ, આચાર્યશ્રી, બી.ડી. સાર્વજનિક વિદ્યાલય, ફાટીપાળ દરવાજા બહાર, પાટણ - ૩૮૪૨૬૫ (ઉત્તર ગુજરાત)ના સરનામે મોકલી આપવા વિનંતી છે.

### વિશેષ માહિતી માટે સંપર્ક:-

(૧) પાટણ : ડો. બી.આર. દેસાઈ, આચાર્યશ્રી,
મો. ૦૯૪૨૬૦૪૦૫૪૨

(૨) મુંબઈ : શ્રી યશવંતભાઈ એચ. ઝવેરી,
મો. ૦૯૮૨૦૦૮૮૯૯૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ,
મો. ૦૯૩૨૨૨૨૭૨૦૯

(૩) અમદાવાદ : ડો. દેવેનભાઈ ઝવેરી,
મો. ૦૯૮૨૪૨૮૦૭૦૬
શ્રી કલ્પેશભાઈ બારોટ,
મો. ૦૯૮૨૫૫૫૪૯૮૮

(૪) ગાંધીનગર : શ્રી પ્રિયવદન આર. શાહ,
મો.૦૯૮૨૫૦૨૧૯૯૧,
૦૯૪૦૯૫૪૨૧૨૪

(૫) સુરત : શ્રી ગોરધનભાઈ પ્રજાપતિ,
મો. ૦૮૪૮૫૯૬૮૫૭૫
શ્રી હસમુખભાઈ કોઠારી,
મો. ૦૯૮૯૮૬૫૨૨૦૦

લિ. - શ્રી ચીનુભાઈ એચ. શાહ
શાળાના માજી આચાર્ય અને એસોસિએશનના પ્રમુખ.

**નોધઃ ભૂતપુર્વ વિદ્યાર્થી એસોશિએશનના સભ્ય થવા અંગેનું ફોર્મ વિદ્યાલયમાંથી, શ્રી પાટણ જૈન મંડળ, મુંબઈ કાર્યાલયમાંથી ઉપરાંત મંડળની વેબસાઈટઃ www.patanmandal.org ઉપરથી News and Announcement પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.**

### બીન વારસ ઘાયલ પશુ-પક્ષીઓ માટે ફ્રી એમ્બુલન્સ

**શ્રી વર્ધમાન સંસ્કારધામ** દ્વારા મુલુંડથી ચીચપોકલીના વિસ્તારના બિન વારસ ઘાયલ પશુ - પક્ષીની સારવાર - દેખભાળ માટે ૫ (પાંચ) મંગલ વર્ધીની ફ્રી એમ્બુલન્સ સેવાનો પ્રારંભ કરવામાં આવેલ છે. નીચે જણાવેલ ટોલફ્રી નંબર પર વિગતો આપવાથી સંસ્થા ઘાયલ પશુ-પક્ષીની મદદ કરશે.

સંપર્ક : **Toll Free 65252573/ 74**

# દિશા — દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ અહેવાલ

શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ તથા ડો. દીપ્તીબેન નિખીલભાઈ શાહના પ્રયાસથી ૧૨મી સપ્ટમ્બેરના World Trade Centreમાં યોજાયેલ ટ્રેડફેરમાં અગાઉની જેમ જ સ્પોન્સરશીપથી સ્ટોલ મળ્યો તે બદલ ખૂબ ખૂબ આભાર.

પાટણ દિશા કાર્યશાળાના બાળકો માટે હંમેશ માફક દિવાળી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુંબઈથી પાટણના શ્રેષ્ઠી બાબુ પ્રદીપભાઈ ઝવેરી, શ્રી ધર્મેશભાઈ ઝવેરી તથા મંડળના માનદમંત્રી શ્રી અશ્વીનભાઈ પનાલાલ તથા શ્રી હીતેનભાઈ ચંપકલાલ વીમાવાળા તથા શ્રી વિલાસભાઈ પનાલાલ તરફથી પાર્ટી સ્પોન્સર કરવામાં આવી હતી. આ નિમિત્તે દિશાના બાળકોને રૂ. ૧૧૫૦/- તથા મીઠાઈ, યુનિર્ફોમ વગેરે આપવામાં આવ્યા હતા.

મુંબઈ ખાતે દિવાળીના બદલે નવા વર્ષની પાર્ટીનું આયોજન WIAA ક્લબમાં કરવામાં આવ્યું હતું. હરહંમેશની જેમ ક્લબના સેક્રેટરી શ્રી નિતિનભાઈ શાહ તરફથી સુંદર સહકાર મળ્યો હતો. આ પ્રસંગે બાળકોને રૂા. ૭૦૦/- અને સરપ્રાઈઝ ગિફ્ટ પણ આપવામાં આવેલ.

૧૨ નવેમ્બરે દિશાના બાળકો આબુરોડ થઈને જીરાવાલા તીર્થ ગયા. ત્યાં મોનેટેકસવાળા શ્રી રમણભાઈ તથા બાબુ ભરતભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરી તરફથી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાંના સુંદર વાતાવરણમાં બાળકોને બહુ મજા પડી. ત્યાંના સ્ટાફ તરફથી બાળકોને પૂજા વગેરેમાં સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારી ભીલડીયાજી તરફ ઉપડી, ત્યા ચોવીહારની સુંદર વ્યવસ્થા શ્રી જે.કે. શાહના મિત્ર શ્રી કીર્તિભાઈ વારીયા તરફથી કરવામાં આવી હતી.

પાટણ ખાતે નૂતનીકરણ થયેલ અતિથિગૃહમાં દિશાના બાળકોને રહેવામાં ઘણોજ આનંદ મળ્યો. ૧૪ નવેમ્બર, ૨૦૧૭ના દિશાના વર્કશોપ પર બાળકોએ લક્ષ્મીજીના પગલાના ડેકોરેશન તેમજ ટાઈલ્સ ડેકોરેશન કર્યા હતાં. ત્યારબાદ શ્રી સમીર રમેશચંદ્ર ચીમનલાલ શાહના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી. પાછા ફરતી વખતે ચારૂપ તિર્થની યાત્રા કરી હતી.

અતિથિગૃહ ખાતે પન્યાસ શ્રી દિવ્યકીર્તિ મહારાજના પગલા કરાવવામાં આવ્યા. સાહેબે હિતશિક્ષા આપી હતી. દરેક બાળકે ગુરૂપૂજન કર્યું અને વાસક્ષેપ સાથે ગુરુભગવંતના ધર્મલાભ મળેલ.

કાલકા ખાતેના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાને આંગી ચઢાવવાનો લાભ શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહે લીધો હતો અને શ્રી ભાભા પાર્શ્વનાથ દાદાને આંગી ચઢાવવાનો લાભ શ્રી અજયભાઈ જિતેન્દ્રભાઈ શાહે લીધો હતો. બન્ને દાદાને દિશાના બાળકો દ્વારા બનેલી સંપૂર્ણ મોતીની આંગી ચઢાવવામાં આવી હતી.


**નોકરી ખાલી છે**

**ગુજરાતી - અંગ્રેજી તથા કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા ભાઈ-બહેનની મંડળના મુખ્ય કાર્યાલય માટે જરૂરત છે. સંપૂર્ણ બાયોડેટા સાથે અરજી મોકલાવો.**

માનદમંત્રી

શ્રી પાટણ જૈન મંડળ : ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ-૨૦
ફોન : ૨૨૮૧૧૩૪૬, ૨૨૮૧૧૨૧૮, મો. ૯૧૬૭૯૦૨૨૬૭ ADVT



ઓક્ટોબર માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

| | | | |
|---|---|---|---|
| બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વરજી ટેમ્પલ ટ્રસ્ટ (વાલેકશ્વર) | ૫,૦૦,૦૦૦ | શ્રી સનયભાઈ નૈલેષભાઈ ચોકસી | ૧૧,૦૦૦ |
| મે. વસુ કેમિકલ્સ (શ્રી યશવંતભાઈ ઝવેરી) | ૨,૭૫,૦૦૦ | શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનેટોરીયમ ટ્રસ્ટ વિલેપાર્લા | ૧૧,૦૦૦ |
| શ્રી વિયેના રશેષભાઈ ભરતભાઈ શાહ | ૧,૦૨,૦૦૦ | સ્વ. શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર જેસંગલાલ શાહ | ૧૧,૦૦૦ |
| પ.પુ. સા. ચંદ્રકલાશ્રીજી મ.સા.ની તપશ્ચયાર્ના અનુમોદનાર્થે — ગોરેગામ | ૧,૦૧,૦૦૦ | શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી મહેશભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ | શ્રીમતી સાહીનીબેન ચંદ્રકાન્તભાઈ શાહના સ્મરણાર્થે | ૧૧,૦૦૦ |
| શ્રી તારદેવ અરવિંદકુંજ જૈન સંઘ | ૨૧,૦૦૦ | શ્રીમતી કિરણબેન પ્રફુલભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રી હસમુખલાલ જેસંગલાલ શાહ | ૨૧,૦૦૦ | શ્રી દલપતભાઈ એન. શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી સમીરભાઈ એન. શાહ | ૧૬,૦૦૦ | શ્રીમતી રસવંતીબેન આર. શાહ | ૧૦,૦૦૦ |
| શ્રીમતી ઉર્વીબેન હિમાંસુભાઈ શાહ | ૧૧,૦૦૦ | શ્રીમતી અરૂણાબેન રાજેન્દ્રભાઈ ઝવેરી | ૧૦,૦૦૦ |
| શ્રીમતી હંસાબેન હસમુખલાલ શાહ | ૧૧,૦૦૦ | શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ | ૧૦,૦૦૦ |
| શ્રી સ્વસ્તીક ગ્રુપ (અંધેરી-ઈ) | ૧૧,૦૦૦ | શ્રીમતી સાધનાબેન (મદ્રાસ) | ૧૦,૦૦૦ |
| | | શ્રી નવજીવન મૂર્તિપૂજક જૈન સંઘ (મુંબઈ) | ૧૦,૦૦૦ |
| | | શ્રી શાંતિનાથ જૈન સંઘ (મલાડ) | ૧૦,૦૦૦ |

ADVT

## આખરી યાચના – આખરી વિદાય

**આખરી યાચના**

*હે પારેવડા, તું ઉડી ઉડી જજે પ્રભુના દેશમાં*
*આટલી યાચના કહેજે પ્રભુના કાનમાં, જ્ઞાનમાં,*
*ભવોભવ ભટકી થાકી ગયો છું*
*ભાવ એવો આપજે કે ઝટ મોક્ષ સુખ પામું.*
*યાચકની આટલી વિનંતી સ્વીકારજે, કરુણા કરજે.*

મન જ બંધન મુક્તિનું કારણ છે, વીતરાગભાવ જ જીવાત્માને મુક્તિ ભણી લઈ જવા માટેનો ભોમિયો છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર જો જીવનમાં ઓતપ્રોત થઈ જાય તો મોક્ષ મંજીલ દૂર નથી. મરજીવો પણ મોતી મેળવવા મરણીયો થઈ ઊંડા સાગરમાં ડૂબકી મારે છે, તેમ આપણે પણ સંસાર સાગર-ભવસાગરથી પાર થવું હોય અને મોક્ષરૂપી મુકતફળ મેળવવું જ હોય તો મરણીયા પ્રયાસો કરવા જ પડશે.

પ્રથમ તો આપણા બાહ્ય અને અંતરમનથી કામ, ક્રોધ, રાગ,દ્વેષ મોહ, માયા, જેવા શત્રુઓને કાઢવાના હોય. અઢાર પાપસ્થાનાકોને તિલાંજલી આપવી જોઈએ. ભાવભરી પ્રભુભકિત કરી કરુણાસાગર પ્રભુ પાસે તેવા જ કરુણાભાવની, ક્ષમાભાવની, સમતાભાવની, યાચના કરવી જોઈએ. જીનશાસનરૂપી જહાજના આધારે ઘણા પુણ્યશાળી આત્માઓ ભવસાગર તારી મોક્ષ મંજિલ ભણી પહોંચી ગયા છે. આખરી યાચના એ કે જેમ વિઝા વગર પરદેશ જવાતું નથી તેમ સંયમના શણગાર વિના વીતરાગ થવાતું નથી.

શિવસુંદરીને ભેટવાની ઈચ્છા હોય તો પ્રભુનો વેશ અપનાવવો જ પડે. મહાવિદેહ ક્ષેત્રમાં જઈને મુક્તિપુરી જવાય છે,

*તેથી યાચક થઈને હું માંગું છું તારી કને,*
*મહાવિદેહમાં જવું છે મારે સીમંધર સ્વામી પાસે,*
*આંઠ વર્ષની વયે થતાં સંયમ લેવું છે મારે તારી કને,*

**આખરી વિદાય**

આપણે જન્મ થયા પછી મૃત્યુને આખરી વિદાય સમજીએ છીએ પણ તે તો એક જ ભવ પુરતો. જન્મ થયા પછી બીજો જન્મ ના લેવો પડે તે આખરી વિદાય છે. કામ, ક્રોધ, મોહ, માયા, મમતા વગેરે દુર્ગુણોરૂપી શત્રુઓને તિલાંજલિ આપી, કરુણા, ક્ષમા, સમતાભાવ, સમર્પણભાવ, મૈત્રીભાવ, વૈરાગ્યભાવ વગેરે સદ્‌ગુણોને હૃદયમાં ધારણ કરી, આત્માને નિર્લેપ બનાવવાનો આત્મીકવીકાસ થાય તો વીતરાગતા નજદીકજ છે. અંતિમ વિદાય વેળાએ પ્રભુને એટલું જ કહેવાનું કે, ‘હે પ્રભુ મારા દુર્ગુણોને હટાવી મારા અંતરાત્મામાં સદ્‌ગુણોનો દીવડો પ્રગટાવ કે તેથી ભવાંતરમા મારે તેની ઝળહળતી જ્યોતના સહારે નિર્વિઘ્ને તારા ધામમાં અવાય જેથી ભવોના અંત પણ આખરી વિદાય લે.’

હવે વ્યવહારિક દ્રષ્ટીએ સંવંત ૨૦૭૩ની સાલ વિદાય લે છે અને સંવંત ૨૦૭૪ની સાલનું આગમન થાય છે તો દરેક પાઠક, વાચક, ભાઈ બહેનો, મૈત્રી વર્ગ, કુટુંબીજનોને નુતન વર્ષના અભિનંદન. પ્રભુએ પુ.ગૌતામસ્વામીને નવા વર્ષની કેવલજ્ઞાનની ભેટ આપી તો સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની ભેટ નહિ આપે ? તેના સહારે તો અમે મુક્તિ મંઝીલ મેળવીશું.નુતન વર્ષના મંગલ પ્રભાતે વીતરાગ પરમાત્માને નમો જિણાણં. પુ. ગુરુ ભગવંતોને મત્થેણ વંદામી, વડીલોને નમન, સાધર્મિક ભાઈબહેનો ને પ્રણામ.

❑ **શ્રીમતી ઉર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ •**
ADVT

## સંસ્થા સમાચાર

❑ **શામળાજીની શેરી, ખેતરવસી, પાટણ નગરે સુવર્ણ જયંતિ મહોત્સવ** શામળાજીની શેરી, ખેતરવસી મધ્યે શામળા પાર્શ્વનાથ દાદાજીનો અઠ્ઠાઈ ઓચ્છવ લગાતાર ૫૦ વર્ષથી દર પાંચ વર્ષે ઉજવવામાં આવે છે, તદ્‌નુસાર આ વર્ષે તા. ૧૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૪-૧૦-૨૦૧૭ સુધી ''દિપાવલી પર્વ'' દમ્યાન હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જેમાં આશરે ૪૫૦ કુટુંબીજનો સહભાગી થયા હતા.

આ સુવર્ણ જયંતિ મહોત્સવ દરમ્યાન વિવિધ પૂજનો, વરઘોડો, ધાર્મિક હરિફાઈઓ KPL નાઈટ ક્રિકેટ મેચ તેમજ મનોરંજન તથા દાંડિયારાસ જેવા આકર્ષક કાર્યક્રમ રાખેલ.

સુવર્ણજયંતિ મહોત્સવની ઉજવણીના સ્મૃતિરૂપે શેરીના પ્રત્યેક સભ્યોને રસોડા દીઠ ચાંદીના સિક્કાની પ્રભાવના કરેલ.

❑ **શ્રી મલાડ-કાંદિવલી પાટણ જૈન મિત્ર મંડળે** તા. ૫-૧૧-૨૦૧૭ના રોજ **મયુરવન રીસોર્ટ** - વાડા ખાતે પીકનીક રાખેલ, તેમાં બસ દ્વારા પ્રયાણ કરી પ્રથમ નાકોડા ધામ દર્શન-વંદન તથા નવકારસી. ત્યારબાદ મયુરવન પહોંચી, બપોરના પ્રીતિ ભોજન બાદ મીટીંગ રાખી હતી. તપસ્વીઓનું બહુમાન અને ૧ થી ૯ ધોરણમાં વધુ માર્કસ લાવેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરેલ. આ કાર્યક્રમના ખર્ચમાં મેમ્બરોએ સારું યોગદાન આપેલ. અંતમાં ચોવીહારનું ભોજન વાપરી છૂટા પડેલ. કાર્યક્રમને સફળ બનાવવામાં સાથ આપનાર સર્વેનો આભાર માનવામાં આવેલ.

ઉપર્યુક્ત કાર્યક્રમમાં ગેરહાજર રહેલ સભ્યોને વિનંતિ કે હવેના પ્રોગ્રામમાં હાજર રહી મંડળને સહકાર આપે.

## અંધેરીથી બોરીવલી - દહીંસર રહેતા સમાજના પરિવારોને મેડિકલ સુવિધા

દિન પ્રતિદિન વધતા જતા રોગો અને તેના નિદાન અંગે તથા ખર્ચાઓમાં સમાજના પરિવારોને રાહત આપી શકાય તેવી શુભભાવનાથી **''હેલ્થકેર મેડિકલ સેન્ટર એન્ડ ડાયગ્નોસ્ટિક્સ, ગોરેગામ''** ખાતે શરૂ થયેલ સેન્ટરમાં થયેલ ગોઠવણ અનુસાર નીચેની વિગતે વિવિધ તબીબી નિદાનમાં રાહત આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| રૂટીન ઈન્વેસ્ટીગેશન | – | ૨૦% |
| સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન | – | ૧૫% |
| સુપર સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન | – | ૧૦% |
| રેડિયોલોજી ઈન્વેસ્ટીગેશન | – | ૧૫% |
| કાર્ડીયોલોજી ઈન્વેસ્ટીગેશન | – | ૨૦% |
| હેલ્થ ચેક-અપ પ્લાન | – | ૧૦% |

**હેલ્થકેર મેડિકલ સેન્ટર એન્ડ ડાયગ્નોસ્ટિક**
એમ.જી. રોડ, જૈન દેરાસર પાસે, રોઝરી ચર્ચની બાજુમાં,
જનસેવા બેન્કની સામે, ગોરેગામ (વે), મુંબઈ.
ફોનઃ ૬૫૧૫૫૦૫૦/૬૫૧૫૩૦૩૦/૯૩૨૧૩૮૩૮૦૬

**નોંધ :** આ સુવિધાનો લાભ મેળવવા આપને મંડળ દ્વારા અપાયેલ મેડિકલ કાર્ડ ફરજિયાત લઈ જવાનો રહેશે.

❑ **મેડીકલ સમિતિ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | કસુંબીયાવાડો | જિતેન્દ્રભાઈ હીરાલાલ શાહ | ૭૨ | ઈન્દોર | ૧૩-૧૦-૧૭ | આસો વદ-૦૯ |
| દશા ઓસવાલ | ચોધરીની શેરી | વિજયાબેન રતિલાલ શાહ (જલગામવાળા) | ૯૨ | વિલેપાર્લા | ૧૮-૧૦-૧૭ | આસો વદ-૧૪ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | ભદ્રીકાબેન બાબુભાઈ શાહ | ૭૯ | પાટણ | ૧૮-૧૦-૧૭ | આસો વદ-૧૪ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | અરવિંદભાઈ મંગળદાસ શાહ | ૭૮ | વિલેપાર્લા | ૨૧-૧૦-૧૭ | કારતક સુદ-૦૨ |
| વિશા પોરવાળ | બ્રાહ્મણવાડો | કોકિલાબેન ઈન્દ્રવદન સંઘવી | ૮૨ | ફોર્ટ | ૨૩-૧૦-૧૭ | કારતક સુદ-૦૪ |
| વિશા શ્રીમાળી | મહાદેવાજીની શેરી | ઉર્મીલાબેન ભગવાનદાસ શાહ | ૮૨ | ગોરેગામ | ૨૭-૧૦-૧૭ | કારતક સુદ-૦૭ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | સમીર (રિંકુ) લલીતકુમાર શાહ | ૩૯ | કેનેડા | ૨૮-૧૦-૧૭ | કારતક સુદ-૦૮ |
| વિશા પોરવાળ | અબજીમહેતાનો પાડો | દેવેન્દ્રભાઈ (મંગળભાઈ) ચંદુલાલ શાહ | ૭૭ | વિલેપાર્લા | ૨૯-૧૦-૧૭ | કારતક સુદ-૦૯ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | નવિનચંદ્ર ગભરુચંદ શાહ | ૭૭ | ગોરેગામ | ૩૧-૧૦-૧૭ | કારતક સુદ-૧૧ |
| વિશા શ્રીમાળી | ચોધરીની શેરી | કાંતિલાલ ભોગીલાલ શાહ | ૯૧ | તારદેવ | ૦૧-૧૧-૧૭ | કારતક સુદ-૧૨ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | હરેશભાઈ પોપટલાલ શાહ | ૭૩ | કાંદિવલી | ૦૨-૧૧-૧૭ | કારતક સુદ-૧૩ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | હેમંતભાઈ સેવંતીલાલ શાહ | ૬૯ | તારદેવ | ૦૪-૧૧-૧૭ | કારતક સુદ-૧૫ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | જિતેન્દ્રભાઈ સોભાગચંદ (રાજકોટવાળા) | ૭૮ | ગોરેગામ | ૧૦-૧૧-૧૭ | કારતક વદ-૦૭* |

* ચક્ષુદાન કરેલ છે ✵ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## સાભાર સ્વીકાર

**પાટણ શતાબ્દિ ગૌરવ કોરપસ ફંડ**

૧૧,૦૦,૦૦૦/- શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંક મહેતાનો પાડો)

૩,૬૭,૦૦૦/- શ્રી આશિષભાઈ નિરંજનભાઈ શાહ (ચોધરીની શેરી)

**સમાજ વિકાસ કોરપસ ફંડ**

૧,૫૦,૦૦૦/- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમીલી ફ્લોટર પ્રિમીયમ સહાય**

૧,૫૦,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો)

**દવા સહાય ભેટ**

૧૧,૦૦૦/- શ્રી હસમુખભાઈ જેશીંગલાલ શાહ (મલ્લાતનો પાડો)

**શ્રી પાટણ જૈન મંડળ** આયોજિત

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત**

# સમૂહલગ્ન સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે **છવ્વીસમાં સમૂહલગ્ન** સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક :** ફાગણ વદ ૩, રવિવાર, તા. ૪-૩-૨૦૧૮

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના માહિતી ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

ફોર્મ ભરવાની છેલ્લી તા. ૦૫-૦૧-૨૦૧૮ છે

**વધુ માહિતી માટે સંપર્ક**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય – ૨૨૮૧૧૩૪૬**

# શ્રી વિલેપાર્લા પાટણ જૈન મિત્ર મંડળ
# ઉજવે છે... સુવર્ણ જયંતિ મહોત્સવ

શ્રી વિલેપાર્લા પાટણ જૈન મિત્ર મંડળ ૨૦૧૮માં ૫૦ વર્ષ પુરા કરે છે. ઈ.સ. ૧૯૬૮માં આ મિત્રમંડળની સ્થાપના થઈ હતી અને ત્યારથી વર્ષોવર્ષ સુંદર અને નિતનવા કાર્યક્રમોનું આયોજન કરે છે અને હવે ઉજવે છે **''સુવર્ણ જયંતિ મહોત્સવ.''**

મહોત્સવ દરમ્યાન પાંચ સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે, જેની શરૂઆત પ્રથમ કાર્યક્રમ તા. ૭-૧-૨૦૧૮, રવિવારના રોજ, જલારામ હોલ-પાર્લા ખાતેથી થશે, જેમાં પાર્લામાં વસતા દરેક પટણી કુટુંબોને સહભાગી બનવાનું અમારું ભાવ ભર્યું આમંત્રણ છે. જેની વિગતો ટૂંક સમયમાં પરિપત્ર દ્વારા દરેક સભ્યને જણાવવામાં આવશે.

**આ સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે મુંબઈમાં વસતા દરેક પટ્ટણી પરિવારોને મોઢું મીઠું કરાવવા મિઠાઈ મોકલવામાં આવશે. તો તેનો સહર્ષ સ્વીકાર કરી અમારા આનંદમાં સહભાગી થવા દરેક પટણી પરિવારને અમારી આગ્રહભરી વિનંતી છે.**

વિલે પર્લામાં નવા રહેવા આવેલા પટ્ટણી કુટુંબોને વિનંતી છે કે, જો તેઓ મિત્ર મંડળના સભ્ય ન બન્યા હોય તો વહેલામાં વહેલી તકે પોતાના નામ માનદમંત્રીઓને નોંધાવી દેવા.

**જનક અરવિંદકુમાર શાહ : 9820064668 • દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા : 9930891985**

લિ.

શ્રી જશવંતભાઈ મણીલાલ શાહ (પ્રમુખ)

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા (માનદમંત્રી) ❋ શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ (માનદમંત્રી)

શ્રી સુનીલભાઈ શશીકાંત ઝવેરી (ખજાનચી) ❋ શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (સહ ખજાનચી)

ADVT

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB ● November 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

શ્રી પાટણ જૈન મંડળ

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

## હાર્દિક નિમંત્રણ

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન તથા
વિદ્યાલયનો વાર્ષિકોત્સવ

કાર્યક્રમ

**દિનાંકઃ શનિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૭**

**બપોરે ૧.૦૦ કલાકે**

ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશિએશન વાર્ષિક સાધારણ સભા.

**બપોરે ૨.૦૦ કલાકે**

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન અને સન્માન સમારંભ.

**સાંજે ૬.૦૦ કલાકે**

**વાર્ષિકોત્સવ - સ્પંદન – ૨૦૧૭**

**શાળાના મુખપત્ર ''સૌરભ વર્ષ ૨૦૧૭-૧૮''નું વિમોચન**

બાલવાટીકા, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચમાધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ.

સ્થળઃ શ્રી બી.ડી.એસ. વિદ્યાલય પટાંગણ, પાટણ

ઉપરોકત કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, મંડળના દાતાશ્રીઓ, કાર્યકરો તથા સંસ્થા અને શાળાના સર્વ શુભેચ્છકોને ઉપસ્થિત રહી શાળાના વિદ્યાર્થીઓને અને શાળા પરિવારને પ્રોત્સાહિત કરવા ભાવભર્યુ નિમંત્રણ છે.

❑ **વિદ્યાલય સમિતિ, શ્રી પાટણ જૈન મંડળ**

# પાટણ પ્રતિબિંબની ઉત્તમ કૃતિઓ માટે જાહેર થયેલા પારિતોષિક

શ્રી પાટણ જૈન મંડળના મુખપત્ર ''પાટણ પ્રતિબિંબ''ના માહે ઓગસ્ટ ૨૦૧૬ થી જુલાઈ ૨૦૧૭ સુધીના આ અંકોમાં પ્રગટ થયેલ લેખો માટેના શ્રેષ્ઠ લેખોનો નિર્ણય નીચે મુજબ લેવામાં આવ્યો છે, જેને **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાળા) 'સાહિત્ય પારિતોષિક'** એનાયત કરી અભિવાદન કરવામાં આવશે.

**પ્રથમ : ''મન હોય તો માળવે જવાય''**
**શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી** - તારદેવ (ચોધરીની શેરી) - જુન - ૨૦૧૭

**દ્વિતિય : ''અભિવ્યક્તિની અજબ દુનિયા''**
**શ્રી ઊર્વી નરેન્દ્રભાઈ ઝવેરી** - નેપિયન્સી રોડ (કુંભારીયાપાડો) - ડિસેમ્બર - ૨૦૧૬

**તૃતિય : ''તંદુરસ્ત રહેવાની કળા''**
**શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ**-મરીનડ્રાઈવ (કોકાનો પાડો) નવેમ્બર -૨૦૧૬

ઉપર્યુક્ત લેખો મંડળની વેબસાઈટ પર પ્રતિબિંબના ફોલ્ડરમાં વાંચી શકશો. આ નિર્ણય, લેખોમાં રહેલી સર્જકતા, મૌલિકતા નવીનતાને ખાસ લક્ષમાં રાખી લેવામાં આવેલ છે. નિર્ણાયક તરીકેની સેવા આપવા બદલ **પ્રા. શ્રી ગુલાબભાઈ દેઢિયાના** અમો આભારી છીએ.

પારિતોષિક વિજેતા, લેખક, ભાઈ-બહેનોને મંડળ દ્વારા હાર્દિક અભિનંદન અને તેમની કલમનો દેશ, સમાજને વિશેષ ઉદ્યોત થતો રહે એ જ અભ્યર્થના.

❑ **સંપાદક સમિતિ**

## Forth Comming Program

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Program | Sun | 4-March | Fag. V 3 | | | Samuh Lagan |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,